શ્રદ્ધાના દિવડાને જલતો તું રાખજે, નિશદિન સ્નેહ કેરું તેલ એમાં નાખજે, મનને મંદિર જોજે અંધકાર થાય ના...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૨૩ | ૧૨ જુલાઈ, ૨૦૨૦, રવિવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૮૭૨ |
| અમદાવાદ | ૧૭૮ |
| ગાંધીનગર | ૨૮ |

# અરુણાચલમાં એન્કાઉન્ટરમાં ૬ ઉગ્રવાદી ઠાર



### ચાઈનીઝ બનાવટના હથિયાર મળ્યા : અસમ રાઈફલ્સનો એક જવાન ઘાયલ

ઈટાનગર,તા.૧૧

અરુણાચલ પ્રદેશમાં સૌથી મોટા હુમલાની ફિરાકમાં ઘૂસેલા ૬ ઉગ્રવાદીઓને સુરક્ષા દળે ઠાર કર્યા છે. ઠાર કરવામાં આવેલા ઉગ્રવાદીઓ પાસે હથિયારોનો મોટો જથ્થો હતો. અસમ રાઈફલ્સ દ્વારા ચલાવવામાં આવેલા અભિયાનમાં એક જવાન ઘાયલ થયો છે. જેને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ અસમ રાઈફલ્સને ખાનગી માહિતી મળી હતી કે જનરલ વિસ્તારમાં ખોંસામાં નેશનલ સોશલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ(એનએસસીએન-આઈએમ)ના કેટલાક ઉગ્રવાદી છુપાયેલા છે. આ જાણકારીના આધારે આ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું.

અસમ રાઈફલ્સ અને અરુણાચલ પ્રદેશ પોલીસની સાથે મળીને સવારે સમય લોંગડિંગ જિલ્લાનાએનગિનૂ ગામમાં સર્ચ ઓપરેશન કર્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના સદીનું સૌથી મોટું સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ : આરબીઆઈ ગવર્નર

**શક્તિકાંત દાસે એસબીઇ બેક્કિંગ એન્ડ ઇકોનોમિક કોક્લેવ સંબોધી નોકરીઓ અને ઉત્પાદનો પર નકારાત્મક અસર પડશે**

ન્યુ દિલ્હી,તા.૧૧

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સાતમી એસબીઈ બેકિંગ એન્ડ ઈકોનોમિક કોક્લેવમાં સંબોધન કર્યુ હતું. વીડિયો કોન્ફરન્સ દ્વારા થઈ રહેલી બે દિવસીય કોક્લેવમાં તેમણે અર્થવ્યવસ્થાને લઈ મોટી વાત કહી હતી.



શક્તિકાંત દાસે કહ્યું હતું કે, કોવિડ-૧૯ છેલ્લા ૧૦૦ વર્ષમાં સૌથી ખરાબ સ્વાસ્થ્ય અને આર્થિક સંકટ છે. તેનાથી ઉત્પાદન અને નોકરીઓ પર નેગેટિવ પ્રભાવ પડ્યો છે. તેણે વિશ્વભરમાં વર્તમાન વ્યવસ્થા, શ્રમ અને કેપિટલ મૂવમેન્ટને ઓછી કરી છે.

તેમણે જણાવ્યું, ફેબ્રુઆરી ૨૦૧૯થી અમે કોવિડ-૧૯ની શરૂઆત સુધીમાં અમે રેપોરેટમાં ૧૩૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. મંદીનો સામનો કરવા આ ઘટાજો કરવામાં આવ્યો હતો. તે સમયે જે લાગી રહ્યું હતું તેને અમે એમપીસી પ્રસ્તાવમાં વિસ્તારથી જણાવ્યું હતું. તમે જાણો કે એમપીસી નિર્ણય લીધો કે રેપોરેટમા ૧૧૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરાશે. તેથી ફેબ્રુઆરી ૨૦૧૯થી આરબીઆઈએ ૨૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે.

આરબીઆઈ ગવર્નર મુજબ, કોરોના કાળે લોકોના જીવન અને રોજગારી પર ખતરો ઉભો કર્યો છે. આ સ્થિતિમાં રિઝર્વ બેંકના આ ઉપાયો મંદ પડી ગયેલી આર્થિક ગતિવિધિને વધારવા માટે હતા. આરબીઆઈ માટે આર્થિક વિકાસ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. જેના માટે જરૂરી તમામ પગલા લેવામાં આવશે.

## ગુગલે ૧૧ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો, યુઝર્સને દૂર કરવા કહ્યું

**માલવેર એપ્લિકેશનનોની ભરમાર : એપ્લિકેશનમાં યુઝર્સના ડેટા જરાયે સલામત નથી : ગુગલ**

નવી દિલ્હી, તા. ૧૧

ગૂગલે તેના પ્લે સ્ટોર્સ પરથી ૧૧ મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો છે જે માલવેર દ્વારા વપરાશકર્તાઓને છેતરવા માટે વપરાય છે. તમામ પ્રતિબંધિત એપ્લિકેશનોને પ્રખ્યાત માલવેર જોકર (જોકર માલવેર) થી ઈન્ફેક્ટેડ હતી. જેને ગૂગલ ૨૦૧૭ થી ટ્રેક કરી રહી છે. હકીકતમાં, માલવેર દ્વારા, સાયબર એટેકર્સ વપરાશકર્તાઓને આવી આકર્ષક યોજનાઓ સાથે લિંક્સ શેર કરતા હતા, જે વપરાશકર્તાઓના વ્યક્તિગત અને વ્યાવસાયિક ડેટા શેર થતા હતા. જાણો, ટિકટોક એપે તમારા મોબાઈલ ફોનમાંથી ચીની

● અનુસંધાન પાન-૭ પર

## જાહેર હિસાબ સમિતિ પીએમ કેર્સ ફંડની તપાસ નહિ કરે

ન્યુ દિલ્હી,તા.૧૧

જાહેર હિસાબ સમિતિ કોરોના વાયરસને લઈને સરકાર દ્વારા લેવાયેલા પગલાં અને આ સંકટથી બચવા માટે તૈયાર કરાયેલા પીએમ કેયર્સ ફંડની તપાસ કરશે નહીં. સમિતિ બેઠકમાં આ વિશે દરેક સભ્યોની સંમતિ બનાવવામાં સફળ રહી નથી, જાહેર હિસાબ સમિતિ સૌથી મુખ્ય સંસદીય સમિતિમાંની એક છે. આ ઓડિટર જનરલની તરફથી રજૂ કરાયેલા રિપોર્ટની તપાસ કરે છે. પીએસી ૨જી સ્પેક્ટ્રમ જેવા કેસની તપાસ કરી ચૂકી છે.

જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ અધીર રંજન ચૌધરીએ સભ્યોને દેશ વિશે વિચારવાની અને પોતાના અંતરાત્માની સાથે કામ કરવા અને આ મહત્વના વિષય પર સામાન્ય સહમતિ બનાવવાની અપીલ કરી હતી. ચૌધરી લોકસભામાં કોંગ્રેસના નેતા છે.

સૂત્રોના આધારે પીએસીમાં બેઠકમાં સામેલ બીજેપીના સભ્યો સ્પષ્ટ રીતે કોરોના સંકટના સરકારી ભાગની તપાસને અધીર રંજન ચૌધરીના પ્રસ્તાવને રોક્યો હતો. બેઠકમાં પીએસીમાં સામેલ બીજેપીના દરેક સભ્યો હાજર હતા.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિક્વર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૨૬૯૨૮૧૦ | ૫૬૪૧૪૦ | ૭૪૦૯૬૦૪ |
| ભારત | ૮૪૭૫૭૫ | ૨૨૬૫૯ | ૫૩૨૫૩૨ |
| ગુજરાત | ૪૧૦૨૭ | ૨૦૩૪ | ૨૮૬૮૫ |
| ગાંધીનગર | ૯૪૨ | ૬૦ | ૬૧૩ |

# દેશમાં વિક્રમી નવા ૨૭ હજાર કેસ

**૨૪ કલાકમાં ૫૧૯ના મોત : કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૨૧૨૩ સુધી પહોંચી, રિક્વરી રેટ ૬૨.૭૮ ટકા થયો, ૨.૮૩ લાખ કેસ એક્ટિવ**

ન્યુ દિલ્હી,તા.૧૧

અનલોક-૨ના ૧૦મા દિવસે શુક્રવારે કોરોના વાઈરસે ભારતમાં હાહાકાર મચાવીને એક જ દિવસમાં ૨૭ હજાર કરતાં વધારે કેસો નોંધાયા છે, જે અત્યારસુધીમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધુ કેસ છે,. આજે શનિવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૫૧૯ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. તે સાથે જ કુલ કેસ વધીને ૮ લાખની ઉપર પહોંચી ગયો છે. કુલ કેસો હવે ૮ લાખ ૨૨ હજાર ૬૦૩ થયા છે. સારવાર હેઠળના કેસો વધીને ૨,૮૩,૮૭૫ પર પહોંચ્યા છે. જ્યારે સારવાર લઈને સાજા થયેલા લોકોની સંખ્યા ૫,૧૬,૨૦૬ પર પહોંચી છે. જે સારવાર હેઠળના કેસો કરતાં લગભગ બમણાંની નજીક છે. કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૨૨૧૨૩ સુધી પહોંચી ગઈ છે.

દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે ભારતમાં પણ કોરોના વાયરસનો આતંક સતત વધી રહ્યો હોય તેમ અમેરિકા અને ભારતે જાણે કે એક સાથે કેસોમાં

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- વિશ્વમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ બ્રેક ૨,૨૮,૦૦૦ નવા કેસ નોંધાયા.
- બેંગ્લોરમાં ૧૪ થી ૨૨ જુલાઈ સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું.
- ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનનો કોરોના નેગેટીવ રીપોર્ટ.
- કોંગ્રેસના સાંસદોએ ફરીથી રાહુલ ગાંધીને પક્ષ પ્રમુખ બનાવવા માંગણી કરી.
- મોરબીના ઘડિયાળ ઉદ્યોગે સ્વૈચ્છિક એક સપ્તાહ ફેક્ટરીઓ બંધ રાખવા નિર્ણય કર્યો.

## કોરોનાની વિદાય શક્ય જ નથી, લોકડાઉન શ્રેષ્ઠ ઉપાય : ડબલ્યુએચઓની ગંભીર ચેતવણી

**ડબલ્યુએચઓ ઇમરજન્સી પ્રોગ્રામના વડા જિનીવામાં એક પ્રેસ કોન્ફરન્સમાં વાયરસ નાબૂદીની વાત નકારી**

જિનીવા, તા. ૧૧

જે લોકો વિચારી રહ્યા છે કે આવતા-બે વર્ષમાં કોરોના વાયરસ સંપૂર્ણ નાબૂદ થશે, તો બીજી બાજુ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) તરફથી એક ખરાબ સમાચાર છે. ડબલ્યુએચઓ કહે છે કે કોરોના વાયરસને દૂર કરવું અશક્ય છે. ડિસેમ્બર ૨૦૧૯ માં, આ વાયરસ, ચીનના વુહાન શહેરમાંથી ઉદ્ભવ્યો છે, જેણે અત્યાર સુધીમાં વિશ્વભરમાં ૫૬૨,૭૬૯ લોકોને મોતના મુખમાં ધકેલ્યા છે અને ૧૨,૬૨૫,૧૫૬ લોકો તેનાથી ઈન્ફેક્ટેડ છે. ડબલ્યુએચઓ ઈમરજન્સી પ્રોગ્રામના વડા જિનીવામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે, 'હાલના કિસ્સામાં એવું લાગતું નથી કે આ વાયરસ ક્યારેય સમાપ્ત થઈ શકશે. અમે આ વાયરસને દૂર કરવામાં સક્ષમ થઈશું, તે મુશ્કેલ છે. 'તેમણે કહ્યું કે ચેપના ક્લસ્ટરોને ઘટાડીને વિશ્વને આ વાયરસના સૌથી ખરાબ પ્રભાવથી

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાની ચેન તોડવા ૧૪ દિવસના લોકડાઉનની જરૂર : ગુલેરિયા

ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં ઝડપથી વધી રહેલા કોરોના વાયરસના સંક્રમણને જોતા મોટા ભાગના રાજ્યોએ ફરી લોકડાઉનનો નિર્ણય કર્યો છે. જો કે આ આ લોકડાઉન રાજ્ય સરકાર તરફથી છે કેન્દ્ર સરકાર તરફથી નથી.

પરંતુ કોરોનીની વિકટ બનતી પરિસ્થિતીને જોતા અખિલ ભારતિય આયુર્વિજ્ઞાન સંસ્થાનના ડાયરેક્ટર ડો.ગુલેરિયા રાજ્યોના લોકડાઉનમાં પોતાની સહમતી દર્શાવી છે. ડો ગુલેરિયાનું માનવુ છે કે ઓછા સમય માટે લોકડાઉનથી કોરોનાની ચેન નહીં તોડી શકાય જો કોરોનાની ચેન તોડવી હશે તો ઓછામાં ઓછુ ૧૪ દિવસના લોકડાઉનની ફરી જરૂર પડશે.

## ભારતમાં વાઘની ગણતરીએ બનાવ્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ, ૭૦૦થી વધુ વસ્તી વધી

ન્યુ દિલ્હી,તા.૧૧

લક્ષ્યના ચાર વર્ષ પહેલાં ભારતમાં વાઘની સંખ્યા બમણી થઈ ગઈ છે. તેના માટે ધ ઓલ ઈન્ડિયા ટાઈગર એસ્ટીમેશ દ્વારા ૧ લાખ ૨૧ હજાર ૩૩૭ ચોરસ કિલોમીટરમાં સર્વે કરવામાં આવ્યો હતો. તેમાં ૨૬ હજાર ૭૬૦ જગ્યાને જુદા જુદા લોકેશન પર કેમેરા લગાવવામાં આવ્યા. તેનાથી વન્યપ્રાણીઓના ૩.૫ કરોડથી વધુ ફોટો લેવામાં આવ્યા. તેમાંથી ૭૬

**લક્ષ્યના ચાર વર્ષ પહેલા જ બમણી થઈ વાઘની સંખ્યા : ૨૬ હજારથી વધુ સ્થળોએથી વન્યપ્રાણીઓના ૩.૫ કરોડ ફોટો લેવામાં આવ્યા, જેમાં ૭૬૬૫૧ ફોટા વાઘના અને ૫૧૭૭૭ ફોટા દીપડાના**




● અનુસંધાન પાન-૭ પર

## વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને મુંબઈની ધારાવી ઝૂંપડપટ્ટીને સફળ મોડલ ગણાવ્યું

જિનિવા,તા.૧૧

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અધનોમે કોરોના વાયરસ પર લગામ કસવામાં સારી સફળતા મેળવી હોય તેવા અનેક દેશોની પ્રશંસા કરી છે. આ દેશોમાં ઈટાલી, સ્પેન અને દક્ષિણ કોરિયાના નામનો સમાવેશ થાય છે. તે સિવાય એક નામ મુંબઈ ખાતે આવેલી વિશ્વની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીનું પણ છે. ટેડ્રોસે પોતાના સંબોધનમાં ધારાવીનો ઉલ્લેખ કરીને ધારાવીમાં કોરોના વાયરસ વિરૂદ્ધ જે કાર્યવાહી ચાલી રહી છે તેની પ્રશંસા કરી હતી.

बैंक ऑफ इंडिया Bank of India BOI સંબંધોની મૂડી

ઝોનલ ઓફિસ, ગાંધીનગર ઝોન, બી.ઓ.આઈ. બિલ્ડિંગ, બીજો માળ, સેક્ટર ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન: ૦૭૯-૨૩૨-૩૩૯૨૩. ઈમેલ: Gandhinagar.HRD@bankofindia.com

**ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) નિમણૂક માટે**

બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) ની કરાર આધારિત નિમણૂક કરવાની હોઈ યોગ્ય પાત્રતા ધરાવતા તેમજ ઈચ્છુક ગાંધીનગર સ્થિત MBBS ડોક્ટરો તેના માટેનું નિયત અરજીપત્રક ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતેથી સોમવાર થી શુક્રવાર દરમિયાન ૧૧.૦૦ થી ૪.૦૦ સુધી મેળવી શકે છે. અરજીપત્રક ભરીને બંધ કવરમાં જમા કરાવવાની અંતિમ તારીખ: ૨૪.૦૭.૨૦૨૦ રહેશે. નિમણૂક બેંકના ધારાધોરણો મુજબ રહેશે.

જેની વિગતો કચેરી ખાતેથી મેળવી શકશો.

શુભેન્દુકુમાર બેહેરા, ઝોનલ મેનેજર, ગાંધીનગર ઝોન

